For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

SOGએ ગ્રાહક બની 6.5 ml ઝેરનો 9 કરોડમાં સોદો નક્કી કર્યો હતો

# 6 કરોડના કોબ્રાના ઝેર સાથે 7 ઝડપાયા



**સરથાણામાંથી** વડોદરાના એક વકીલ સહિત પાંચ અને સુરતના બે વેપારીને પોલીસે દબોચી લીધાં

**કોબ્રા** વેનોમનો ઉપયોગ નશા માટે પણ કરવામાં આવે છે, વન વિભાગે પણ કાર્યવાહી શરૂ કરી

સુરતઃ સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ બાતમીને આધારે સરથાણા નવજીવન સર્કલ પાસે મેરેજ બ્યુરોની ઓફિસમાં ગ્રાહક બની ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત 5.85 કરોડ રૂપિયાની કિંમતનું ‘કોબ્રા વેનોમ’ (સાપનું ઝેર) ઝડપી પાડ્યું છે. આ ઝેર સાથે પોલીસે સુરતના અને વડોદરાના વકીલ સહિત કુલ 7 શખ્સની ધરપકડ કરી છે.



સુરતમાં એક ટોળકી સાપનું ઝેર વેચવા માટે લસકાણા-સરથાણા વિસ્તારમાં ગ્રાહકની શોધ કરી રહ્યાં છે તેવી બાતમી SOGના પી.આઈ. એ.પી. ચૌધરી અને પી.એસ.આઈ. આર.એમ. સોલંકીને મળી હતી. જેના આધારે અધિકારીઓએ જાતે જ ગ્રાહક બનીને ટ્રેપ ગોઠવી આ ટોળકીને ૯ કરોડ રૂપિયાની ઓફર આપી હતી. જેથી તેઓ ડિલ કરવા માટે તૈયાર ...અનુસંધાન પાના 5 પર

## કેન્સરના ઉપચાર માટેના સંશોધનોમાં આ ઝેર અકસીર

કોબ્રા સાપનું ઝેર બ્લડ પ્રેશરની દવાઓ બનાવવા માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત, લોહી ગંઠાઈ જવાની સમસ્યા, હાર્ટ એટેકથી બચવાની દવાઓ અને કેન્સરના ઉપચાર માટેના સંશોધનોમાં પણ વેનોમનો ઉપયોગ કરવામાં આવે છે. સૌથી મહત્વની વાત એ છે કે સાપ કરડ્યા પછી આપવામાં આવતી ‘એન્ટી-વેનોમ’ દવા પણ સાપના ઝેરમાંથી જ બનાવવામાં આવે છે, જે ...અનુસંધાન પાના 5 પર

## રેવ પાર્ટીમાં પણ આ ઝેરનો ઉપયોગ વધ્યો છે

આ ઝેરની ઊંચી કિંમત પાછળ તેનો નશા માટે થતો ગેરકાયદે ઉપયોગ છે. મેટ્રો શહેરોમાં યોજાતી રેવ પાર્ટીઓમાં સાપના ઝેરનો ઉપયોગ કેફી દ્રવ્ય તરીકે કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં નશાના બંધાણીઓ દ્વારા જીવતા સાપ પાસે સીધો ‘Snake Bite’ પણ લેવામાં આવે છે. કોબ્રા વેનોમમાં રહેલા ન્યુરોટોક્સિન માનવ મગજ પર ઊંડી અસર ...અનુસંધાન પાના 5 પર

## સુરત અને વડોદરાના 7ની ધરપકડ

૧) મનસુખ ભાઇ અંબાભાઇ ઘીનૈયા (ઉ.વ.૬૭ ધંધો. વેપાર,રહે. અતુલ્ય રેસિડેન્સી પાસોદરા રોડ)
(૨) ચિમનભાઇ છગનભાઇ ભુવા (ઉ,વ.૬૦ ધંધો. એમ્બ્રોઇડરી રહે.જલારામ સોસાયટી, નાના વરાછા)
(૩) સમીર જયંતીલાલ પંચાલ (ઉ.વ.૪૧ ધંધો.નોકરી રહે. પુર્વ ગોલ્ડ એપાર્ટમેન્ટ ગોત્રી સેવાસી કેનાલ રોડ સેવાસી વડોદરા)
(૪) પ્રવીણ કાંતીલાલ શાહ (ઉ.વ.૭૪ ધંધો. નિવૃત રહે.દુધેશ્વર સોસાયટી નવા પોલીસ ભવન સામે આજવા રોડ વડોદરા)
(૫) કેતનભાઇ ચિતરંજનભાઇ શાહ (ઉ.વ.૫૦ ધંધો. વકીલાત રહે. દ્વારીકા સોસાયટી નર્મદા ગેસ્ટ હાઉસ રેસ ક્રોસ વડોદરા).
(૬) મકરંદભાઇ શ્રીકાંતભાઇ કુલકર્ણી (ઉ.વ.૫૪ ધંધો. વેપાર રહે. સપ્તગીરી ડુપ્લેક્ષ તાજ રેસિડેન્સીની સામે આકોટા રોડ વડોદરા)
(૭) પ્રશાંત રાજેશભાઇ શાહ (ઉ.વ.૪૦ ધંધો. નોકરી રહે. કૃષ્ણાનંદ સોસાયટી અલવા નાકા દીપ મેડીકલ સામે માંજલપુર વડોદરા)

## આ સાપનું ઝેર નશા માટે વપરાય છે

- નાજા નાજા એટલે કે, કોબ્રા
- બંગરસ કેરુલિયસ એટલે કે કોમન ક્રેટ
- ઓફિઓડ્રિસ વર્નાલિસ એટલે કે ગ્રીન સ્નેક
- ઓછા નશા માટેદારૂ સાથે રેટ - ગ્રીન બેલ સ્નેક

## તમામ કમિશનના ચક્કરમાં ઝેર વેચવાના વેપલામાં જોડાયા હતા

મનસુખ સરથાણા ખાતે મેરેજ બ્યૂરો ચલાવે છે. તેની આ મામલે વડોદરાના યુવક સાથે વાતચીત થઈ હતી. સોદો નક્કી થતા ...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

કારખાના માલિક બાઈક લઈને ફાયર બ્રિગેડને બોલાવવા દોડ્યા !

# ઉધનાના પ્લાસ્ટિકના યુનિટમાં બ્લાસ્ટ સાથે આગમાં પાંચ દાઝ્યા

**ગ્રેન્ડર** મશીન ચાલુ કરતાં જ શોર્ટ સર્કિટ સાથે જોરદાર બ્લાસ્ટ સાથે ભીષણ આગ ફાટી નીકળી

**ત્રણ** ફાયર સ્ટેશનના 30 લાશ્કર બે કલાક મથ્યા બાદ આગ કાબૂમાં આવી

સુરતઃ ઉધના ઉદ્યોગનગર સ્થિત ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના પ્લાસ્ટિકના દાણા બનાવતી એક ફેક્ટરીમાં આગ લાગતાં પાંચ કારીગર દાઝી ગયા હતા. સવારે ફેક્ટરી શરૂ કરાઈ અને પ્લાસ્ટિક કાપવાનું ગ્રેન્ડર મશીન ચાલુ કરાયું ત્યારે શોર્ટ સર્કિટ સાથે મશીનમાં બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ આગ ફાટી નીકળી હતી. આગ ઝડપથી ફેલાઈ હતી અને ધુમાડો પણ ખૂબ ઉઠતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

માનદરવાજા, મજુરા અને ડુંભાલ ફાયર સ્ટેશનની આઠ જેટલા ફાયર ટેન્ડરો અને 30 લાશ્કરે બે કલાકની જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. આગમાં મશીનો, પ્લાસ્ટિકનો ...અનુસંધાન પાના 5 પર

## સવારે 8:30 કલાકે આગ લાગી ત્યારે પહેલા માળે પાંચ કારીગર હતા

સોમવારે સવારે 8:30 વાગ્યાનાં અરસામાં ખાતાના પહેલા માળે પાંચેય કારીગરો કામે આવ્યા હતાં. ત્યારબાદ પ્લાસ્ટિક કાપવા માટેનું ગ્રેન્ડર મશીન ચાલુ કર્યું હતું. દરમિયાન મોટરમાં શોર્ટ સર્કીટ થતાં મશીનમાં અચાનક બ્લાસ્ટ થયો હતો અને આગ લાગી હતી, જેને કારણે પાંચેય કારીગરો મોઢાંના ભાગે તેમજ શરીરનાં અન્ય ભાગે ગંભીર રીતે દાઝ્યાં હતાં. તમામને સારવાર માટે 108 મારફતે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં ઇમરજન્સી વિભાગમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં દાખલમાં કરવામાં આવ્યા છે. ડોક્ટરના જણાવ્યા મુજબ, પાંચેય કારીગરને 20 ટકાથી લઈને 50 ટકા સુધીની ઇજા થઈ છે.

## 10થી 20 સેકેન્ડમાં બધો ખેલ થઈ ગયો : કારખાનાના માલિક

આ અંગે વધુ માહિતી આપતા ફર્સ્ટ પર્સન એવા ખાતાના માલિક અબ્દુલ કાદિરે જણાવ્યું હતું કે, જ્યારે મશીનમાં બ્લાસ્ટ થયો અને અચાનક આગ લાગી ઉઠી હતી, ત્યારે અમે બાજુમાં જ હાજર હતા. મારું દિમાગ કામ કરવાનું બંધ થઈ ગયું હતું. મેં તરત જ મેઈન સ્વિચ બંધ કરી અને બાઇક લઈને માનદરવાજા પાસે ફાયરને બોલાવવા માટે ગયો હતો. પરંતુ ત્યાં પહોંચીને જોયું તો ત્યાં કોઈ હતું જ નહીં. જેથી પરત ખાતા તરફ આવતી વખતે મેં રસ્તામાંથી ફાયરને ફોન કર્યો હતો. તેમજ હું ખાતા પર આવું ત્યાં સુધીમાં 108 એમ્બ્યુલન્સ આવીને ઇજાગ્રસ્ત કારીગરોને સારવાર માટે હોસ્પિટલ લઈ ગઈ હતી. બાદમાં ફાયરની ટીમે આવીને આગ પર કાબૂ મેળવવાનું ચાલુ કર્યું હતું. જ્યારે બ્લાસ્ટ થયો ત્યારે કારીગરોને કંઈ ખબર જ નહીં પડી તેમજ ત્યાંથી ભાગવાનો સમય પણ મળ્યો ન હતો. 10થી 20 સેકેન્ડમાં બધો ખેલ થઈ ગયો હતો.

### ઇજાગ્રસ્તનાં નામ

- મોહમંદ ઉસ્માન સમીમખાન (18 વર્ષ)
- નીરજ શ્યામભાઈ ભારતી (22 વર્ષ)
- લલિત વિશ્વકર્મા (30 વર્ષ)
- ચાંદબાબુ સલીમ અહેમદ (31 વર્ષ)
- આમિર સફીક શેખ (32 વર્ષ) (તમામ રહે. ઉધના)

# સમર શિડ્યુલમાં દુબઈ ફ્લાઈટનો સમય બદલાશે

**એરલાઈન્સે** 10 એપ્રિલથી ઓનલાઈન ટિકિટ બુકિંગ નવા સમય મુજબ શરૂ કર્યું

**એરક્રાફ્ટ** દિલ્હી રાત્રે 9.30 કલાકે દિલ્હીથી ટેક ઓફ થઈ રાત્રે 11.30 કલાકે સુરત આવી રાત્રે 2.10 કલાકે દુબઇ જશે

સુરતઃ એરઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા વીકમાં 4 દિવસ ઓપરેટ થતી સુરત-દુબઈ- સુરત ફ્લાઈટનો સમય સમર શિડ્યુલથી બદલાઈ રહ્યો છે. રહી છે. સુરતથી બપોરે ઉપડતી ફ્લાઈટની ટિકિટનું ઓનલાઈન બુકિંગ એરલાઈન્સએ 10 એપ્રિલથી નવા સમય મુજબ થઈ રહ્યું છે. આ ફ્લાઈટ માટે એરક્રાફ્ટ દિલ્હીથી રાત્રે 9.30 કલાકે ટેક ઓફ થઈ રાત્રે 11.30 કલાકે સુરત એરપોર્ટ લેન્ડ થશે. એ પછી આ વિમાન રાત્રે 02.10 કલાકે દુબઈ જવા ટેક ઓફ થશે. દુબઈથી પરત આવ્યા પછી આ જ એરક્રાફટ સવારે 10:50 કલાકે બેંગકોક જવા રવાના થશે. જે બેંગકોક ખાતે સાંજે 05:10 કલાકે પહોંચશે અને બેંગકોકથી સાંજે 06:10 કલાકે ટેક ઓફ થઈ સુરત રાત્રે 09.20 કલાકે આવશે. સુરત આવેલું આ વિમાન રાત્રે 10:50 કલાકે દિલ્હી જવા ઉડાન ભરશે. એવું પ્રાથમિક રોટેશન જણાઈ આવે છે.

હાલ અઠવાડિયામાં 4 દિવસ સુરત દુબઈ ફ્લાઈટ ઓપરેટ થાય છે, વર્તમાન સમયે આ ફ્લાઈટ બપોરે 01.25 કલાકે સુરત ઉડાન ભરી બપોરે 03:25 કલાકે દુબઈ પહોંચે છે અને દુબઈથી સાંજે 04 :25 કલાકે ઉડીને રાત્રે 08:55 કલાકે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ લેન્ડ થશે. ત્રણ દિવસ ઉપરાંત રવિવારે સવારે 09:55 એ સુરતથી ઉડીને સવારે ...અનુસંધાન પાના 5 પર

# લ્યો બોલો હવે, શહેરમાં ગોળ અને દહીંમાં પણ ભેળસેળ

**છ** સંસ્થાના ખાદ્ય પદાર્થોનાં સેમ્પલ ફેઈલ, ગોળમાં કલર અને દહીં, ઘીમાં ભેળસેળ

સુરત : સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં જનરલ સ્ટોર, સુપર સ્ટોર તેમજ ફૂડ પ્રોડક્ટ્સનું વેચાણ કરતી સંસ્થાઓમાં વ્યાપક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન લેવામાં આવેલા સેમ્પલોમાં છ સંસ્થાઓના ગાયનું ઘી, ભેંસનું ઘી, ગોળ અને દહીં જેવા ખાદ્ય પદાર્થોના નમૂનાઓ ફેઈલ જાહેર થતાં ખાદ્ય સુરક્ષાને લઈ ગંભીર ચિંતા ઊભી થઈ છે.

છેલ્લા કેટલાક સમયથી સુરત શહેરમાં ડુપ્લિકેટ પનીર, ચીઝ તેમજ અન્ય બનાવટી ખાદ્ય પદાર્થોના વેચાણની ફરિયાદો સામે આવી રહી હતી. જેના પગલે મનપાના આરોગ્ય વિભાગે ખાણીપીણીની લારીઓ ઉપરાંત હવે જનરલ સ્ટોર અને ફૂડ પ્રોડક્ટ્સ વેચતી દુકાનોમાં પણ સઘન ચેકિંગ શરૂ કર્યું છે. આ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાંથી લેવામાં આવેલા નમૂનાઓનું લેબોરેટરી પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમાં ગાયના વલોણાનું ઘી, ભેંસનું ઘી, ગોળ અને ટેબલ માર્ગેરીન જેવા ખાદ્ય પદાર્થોના સેમ્પલો નિર્ધારિત ધોરણોને અનુરૂપ ન હોવાનું સામે આવ્યું છે. સેમ્પલ ફેઈલ થવાને કારણે સંબંધિત તમામ સંસ્થાઓ સામે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## કઈ સંસ્થાના-કયા નમૂના ફેઈલ

- જ્યોતિરાદિત્ય ફૂડ્સ પ્રોડક્ટઃ ઠાકોર નગર સોસાયટી, ઉધના - ટેબલ માર્ગેરીન
- અક્ષર ઘીઃ તપોવન સોસાયટી, ડભોલી ચાર રસ્તા- ગાયના વલોણાનું ઘી
- તિરુપતિ ઇન્ટરનેશનલ હોટલ્સ એન્ડ રેસ્ટોરન્ટઃ મે. આકાશ મોટેલ્સ પ્રા. લિ.) રેલ્વે સ્ટેશન વિસ્તાર - દહીં
- ન્યુ ધનલક્ષ્મી જનરલ એન્ડ કિરણા સ્ટોરઃ આશાપુરી-૨, બમરોલી- સફેદ ગોળ
- અલ્પેશભાઈ ઈશ્વરભાઈ સાથલીયાઃ આહિર સમાજની વાડી પાછળ, લસકાણા- ભેંસનું ઘી
- ક્રિષ્ના સુપર સ્ટોરઃ વેસુ વીઆઇપી સ્ટ્રીટ - ગોળ

# વલસાડ જિલ્લામાં 21થી 25 જાન્યુ. સુધી કમોસમી વરસાદની આગાહી

**વલસાડ** જિલ્લાના ખેડૂતોને વરસાદ બાદ આંબાવાડીમાં દવા છાંટવાની સલાહ

વલસાડ : હવામાન ખાતાની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આગામી તા.૨૧-૦૧-૨૦૨૬ થી ૨૫-૦૧-૨૦૨૬ દરમિયાન વાદળછાયુ વાતાવરણ રહેવાની અને કોઈ કોઈ જગ્યાએ હળવા કમોસમી વરસાદની શક્યતા છે. જેના કારણે હાલ આંબા પાકમાં મોર આવવાના તબક્કે ખેડૂતોને નુકસાન થવાની શક્યતા છે. આંબાના મોરનો સમય અત્યંત સંવેદનશીલ હોય છે અને આ દરમિયાન વધુ ભેજ અને વરસાદ થવાથી ફળ બંધાણ ઘટી શકે છે તેમજ ફૂગજન્ય રોગોનું પ્રમાણ વધી શકે છે. કમોસમી વરસાદથી મોર લાંબો સમય ભીનો રહેવાથી ફૂલ અને નાની કણી ઝડી જવી, પરાગ નયન પ્રક્રિયામાં અડચણ આવવી તેમજ પાઉડરી મિલ્ડ્યુ (ભૂકી છારો) અને એન્થ્રાક્નોઝ (કાળવણ)જેવા રોગ ઝડપથી ફેલાવાની શક્યતા વધી જાય છે. પરિણામે કેરી બેસાણ ઉપર નકારાત્મક અસર પડી શકે છે.

આવા સંજોગોમાં ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે, વરસાદ આવવાના પહેલા અથવા વરસાદ બંધ થયા બાદ ૨૪ કલાકની અંદર યોગ્ય ફૂગનાશક દવાનો છંટકાવ કરવો. આ માટે કાર્બેન્ડેઝિમ (૧ ગ્રામ પ્રતિ લીટર) અથવા હેક્સાકોનાઝોલ (૧ મીલી પ્રતિ લીટર) અથવા વેટેબલ સલ્ફર (૨ ગ્રામ પ્રતિ લીટર)માંથી કોઈ એક દવાનો છાંટકાવ કરવાથી રોગોનું નિયંત્રણ થઈ શકે છે. દવા સાથે સ્ટિકર ભેળવવાથી વધુ સારી અસર મળે છે. વરસાદ પહેલાં મોર નબળો ન પડે અથવા ફૂલ ખરી ન જાય તે માટે બોરોન (૦.૫%) અને ઝીંક (૦.૫%) જેવા સૂક્ષ્મ પોષક તત્વોના ફોલિયર સ્પ્રે કરવાથી મોર મજબૂત બને છે. ખેતરમાં પાણીનો ભરાવો ન થાય તે માટે યોગ્ય પાણી નિકાલ વ્યવસ્થા કરવી અનિવાર્ય છે. બાગાયત વિભાગે ખેડૂતોને અપીલ કરી છે કે બપોરની ગરમીમાં છંટકાવ ટાળવો, વરસાદની આગાહી મુજબ આયોજન કરવું અને દવાનો યોગ્ય માત્રામાં ઉપયોગ કરવો. સમયસર યોગ્ય પગલાં લેવાથી કમોસમી વરસાદથી થતું નુકસાન ઘણી હદ સુધી અટકાવી શકાય છે.

psj પચ્ચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
સૌથી ઓછો ભાવ, સૌથી ઓછી મજુરી
22 Kt (916) સોનાનો આજનો ભાવ
₹125900/- પ્રતિ ૧૦ ગ્રામ
ઘડામણ ફક્ત 7% થી શરૂ
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

# પ્રવાસીઓ સાવધાન: દમણમાં દીપડો દેખાયો

**બાઇકનો** અવાજ સાંભળી દીપડો રસ્તો ક્રોસ કરીને ભાગ્યો


**ઘરે** જઇને સીસીટીવી કેમેરો ચેક કરતાં શેરીમાં દીપડો ફરતો દેખાયો





દમણ : સંઘપ્રદેશ દમણના ભરચક શહેરી વિસ્તારમાં કદાવર દીપડો દેખાતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. નાની દમણના નગર પાલિકાના વોર્ડ નં. 9 માં આવેલી સાંગ્યા શેરીમાં 19 જાન્યુ.ના રોજ રાત્રે 1:30 વાગ્યાની આસપાસ ફળિયામાં રહેતો ઉદય નામનો યુવાન પોતાની મોટર સાયકલ લઈને ફળિયામાં આવ્યો હતો, ત્યારે એક કદાવર દીપડાએ બાઈકનો અવાજ સાંભળતા જ રસ્તો ક્રોસ કરીને ભાગતો જોવા મળ્યો હતો. જ્યાં બાઇક સવાર યુવાને ફળિયા પાસે પોતાની બાઈક પાર્ક કરી આગળ રસ્તા પર જઈને જોતા એક દીપડો ઊભેલો જોવા મળ્યો હતો. જે બાદ યુવાને તુરંત પોતાના ઘરમાં જઈને સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા શેરીમાંથી કદાવર દીપડો પસાર થયો હતો તે જોવા મળ્યું હતું. વહેલી સવારે ઉદયે શેરીના લોકોને જાણ કરતા શેરીના લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ભરચક વિસ્તારમાં દીપડો દેખાયો હોવાની જાણ વન વિભાગને કરાતા વિભાગની ટીમે શેરી વિસ્તાર સહિત જંગલથી કોતર તરફના હાઈવે પાસે પાંજરું ગોઠવવાની સાથે દીપડાની જે જગ્યાએથી અવર જવર થાય છે એની ગતિવિધિ મેળવવા ઠેકઠેકાણે સી.સી. ટીવી કેમેરા ગોઠવવાની કામગીરી કરી હતી. ત્યારે કદાવર દીપડાની હવે દમણના શહેરી વિસ્તારમાં પણ એન્ટ્રી થઈ જતાં સ્થાનિક રહીશોની ...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

જીવન એવું જીવી ગયા કે સઉના દિલમાં વસી ગયા. આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતી અર્પણ કરે તેવી પ્રાર્થના.

સ્વ. ઠાકોરભાઈ નાનજીભાઈ પટેલ
જ. તા. ૧૪/૦૧/૧૯૫૨
સ્વ. તા. ૨૦/૦૧/૨૦૨૫

લિ. ગં. સ્વ. ભાનુબેન ઠાકોરભાઇ પટેલ
પિન્ટુભાઇ ઠાકોરભાઇ પટેલ (પુત્ર) બેલાબેન પિન્ટુભાઇ પટેલ (પુત્રવધુ)
યોગેશભાઇ ઠાકોરભાઇ પટેલ (પુત્ર) શેફાલીબેન યોગેશભાઇ પટેલ (પુત્રવધુ)
જયનાબેન રાજેશભાઇ પટેલ (પુત્રી) સ્વ. રાજેશભાઇ છીમાભાઇ પટેલ (જમાઇ)
તનુજાબેન નરેશભાઇ પટેલ (પુત્રી) નરેશભાઇ શાંતુભાઇ પટેલ (જમાઇ)
પ્રવિણાબેન મહેશભાઇ પટેલ (પુત્રી) મહેશભાઇ ચંપકભાઇ પટેલ (જમાઇ)
સ્નેહી, ફેયા, એરિક.
સ્થળ :- લાયા ફળિયા, આભવા, સુરત.



**॥ અશ્રુભીની શ્રદ્ધાંજલિ ॥**

“એક દિવ્ય પ્રકાશ પ્રભુને અર્પિત થયો”
“એક તેજ પુંજ અનંતમાં વિલીન થયો”
સહકારી ક્ષેત્રનો અનમોલ એક ચમકતો તારો અને મારો જીગરજાન સુખ-દુઃખમાં કાયમ સહભાગી રહેનાર મિત્ર સ્વ. શ્રી ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા ના દુઃખદ અવસાન બદલ ઘેરા શોકની લાગણી અનુભવું છું. ખેર, પ્રભુને જે ગમ્યું તે ખરૂં.
પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ અભ્યર્થના સાથે અશ્રુભીની શ્રદ્ધાંજલિ અર્પિત કરૂં છું.

સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬
કોસાડ, સુરત શહેર

લિ. તમારો શોકમગ્ન મિત્ર
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ
મોટાવરાછા, નાણાંવટ ફળિયું, સુરત. મો. : ૯૯૨૫૩ ૭૬૪૭૨

**...ભાવભીની શ્રદ્ધાંજલિ ...**



**સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા**

ચોર્યાસી ડેરી પરિવારના મોભી અને રાહબર એવા સંસ્થા પરિવારના માનીતા શ્રી સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા અમારી સંસ્થામાં વિવિધ હોદ્દા પર રહી (ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, અને ડિરેક્ટરશ્રી) તરીકે લાંબા સમયથી સેવાકીય પ્રવૃતિમાં સામેલ એવા સ્નેહાળ તથા વૈવિધ્યસભર વ્યક્તિત્વ ધરાવનારા વ્યક્તિનું પરમાત્મામાં વિલિનીકરણ થતા ચોર્યાસી ડેરી પરિવારને તેમના જવાથી સર્જાયેલી ખોટ ક્યારેય પૂરી શકાશે નહીં એવો અનુભવ કરી રહિયા છીએ. અને આ દુઃખદ ઘટનામાં એમના પરિવાર પર આવી પડેલ દુઃખ ને સહન કરવાની શક્તિ પ્રદાન કરે એવી પરમાત્મા ને પ્રાર્થના... ઈશ્વર આ પુણ્યશાળી આત્માને પોતાના સાનિધ્યમાં સ્થાન આપે એવી ચોર્યાસી ડેરી પરિવાર તરફથી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના...

લિ.
પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ
જનરલ મેનેજરશ્રી, ઓ. એસ. તથા તમામ કર્મચારી ગણ

**॥ શ્રદ્ધાંજલિ ॥**



**સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા**
સ્વ. તા. 17-01-2026, પ્રમુખ શ્રી (કોસાડ)

જીવનની હરપળે હસતાં રહ્યાં, સ્નેહથી સૌના દિલમાં વસ્તા રહ્યાં. કરૂણા જેના હૃદયમાં હતી, પરોપકાર જેના સ્વભાવમાં હતો. કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવા કર્મ નિષ્ઠ પુણ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના

લિ.
ધી કોસાડ ગૃપ કો. ઓ. કોટન સેલ સોસાયટી લીમીટેડ ના સભ્યશ્રીઓ

| | |
|---|---|
| શ્રી નરેશભાઈ ચીમનભાઈ પટેલ | શ્રી રમેશભાઈ મકનભાઈ ચૌહાણ |
| શ્રી જગજીવનભાઈ રેવાભાઈ પટેલ | શ્રી મહમદ કાસમ રાવત |
| શ્રી નરેન્દ્રભાઈ ચંદુભાઈ પટેલ | શ્રી મહેશગીરી પ્રેમગીરી ગોસાઈ |
| શ્રી જયવદન ચંદુલાલ પટેલ | શ્રીમતી ભાવનાબેન દિપકસિંહ ગોહિલ |
| શ્રી કિશોરભાઈ પરભુભાઈ પટેલ | શ્રી જીગરભાઈ અમરતભાઈ પટેલ |
| શ્રી નવિનભાઈ ઠાકોરભાઈ પટેલ | શ્રીમતી મિનલબેન સહેદવસિંહ વાસીયા |
| શ્રી અશોકભાઈ નાગરભાઈ પટેલ | શ્રી મહેન્દ્રસિંહ ઈશ્વરસિંહ પરમાર |

શ્રી રાહુલભાઈ ભવાનભાઈ પટેલ (મેનેજર)